SAM II - 2019
ધોરણ - 8
વિષય : ગુજરાતી

Date:-

DN
સવાર
15/4

## PART - A.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | A | નિરર્થક | 21 | C | પાંચ |
| 2 | B | અસંગત | 22 | B | નિખિલરાય |
| 3 | C | નિયમિત | 23 | A | બે આના |
| 4 | C | સંસ્કાર | 24 | C | વસંતતિલકા |
| 5 | B | આવરદા | 25 | A | બારડોલીની |
| 6 | A | સ્વપ્ન | 26 | A | પ્રીતિ |
| 7 | C | કારીગરી | 27 | B | બળવું |
| 8 | B | કરકસર કરી જીવવું | 28 | C | ગાંધીજીના |
| 9 | B | સાબિત થવું | 29 | A | ફૂલો |
| 10 | A | સંતોષ થવો. | 30 | C | સરદારનું |
| 11 | A | નવોઢા | 31 | A | નિજ સંતાનોને |
| 12 | B | તંબોળ | 32 | A | શૌચાલય |
| 13 | B | નીરસ | 33 | C | લીલાં |
| 14 | C | ગામેગામ | 34 | C | ભરવાડી |
| 15 | C | પ્રાસતત્વ દ્વિરુક્ત | 35 | B | ડુંગરાળી |
| 16 | A | સાદું વાક્ય | 36 | A | આંગણ |
| 17 | A | સંકુલ વાક્ય | 37 | A | આઠ |
| 18 | C | સંયુક્ત વાક્ય | 38 | B | પાણી |
| 19 | A | સિલોક | 39 | C | ભજન |
| 20 | B | દ્વન્દ્વસમાસ | 40 | B | તીર્થ |

SAM-2-2019
ધોરણ-8
વિષય-ગુજરાતી

Date:-

PART-B

કુલ ગુણ-40

પ્ર.1 નીચેનામાંથી ગમે તે પાંચ પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (10)

(1) ગામમાં શી આફત આવી પડી?
→ એક લોકાની, મદમસ્ત સાંઢ રખડતો-રખડતો ગામમાં આવી પહોંચ્યો. એને જોઈને સીમાડામાં જતાં ઢોર પાછાં ફરતા નહિ, પણ જીવ લઈને નાસતાં, સીમમાં જતાં લોકો પણ એ રસ્તે ન જતા. દિવસે દિવસે સાંઢનો કેર વધતો ગયો. સાંઢ સીમનો પાક બગાડી નાખતો. પણ કોઈ શું કે ત્યાં કરી શકતું નહિ. ગામમાં આ આફત આવી પડી હતી.

(2) નવા વર્ષે લેખક કયા કયા સંકલ્પ કરે છે?
→ નવા વર્ષે લેખક નીચેના સંકલ્પ કરે છે.
(1) આજથી આખું વર્ષ વહેલા ઊઠવું
(2) હવેથી નિયમિત નોંધપોથી રાખવી.
(3) કદી ચા ન પીવી.
(4) આજ પછી કસરત ન કરી હોય તે દિવસે જમવું નહીં.
(5) હંમેશા દોઢ કલાક કાંતવું.
(6) ત્રણ કલાક, વાંચવું, વાંચવું ને વાંચવું જ.
(7) રોજ ગીતાનો એક એક શ્લોક મોઢે કરવો.
(8) પાઈ પાઈનો વ્યવસ્થિત હિસાબ રાખવો.

(3) જગમોહનદાસના માથે કેવું સંકટ આવી પડ્યું?
→ જગમોહનદાસ સટ્ટાનો વેપાર કરતા હતા. વેપારમાં તેમને ભયંકર ફટકો પડ્યો. એમને પોતાનો બંગલો, મોટરગાડી અને ઘરની અનેક કીમતી વસ્તુઓ વેચી નાખવી પડી. એમની સંપત્તિ, વૈભવ, માન, સ્થાન બધું જ પાણીના રેલાની માફક જીવનમાંથી વહી ગયું.

(4) ગાડામાં બાંધેલા વાંસ પર ગાડાવાળો શા માટે સૂઈ ગયો?
→ આખો દિવસ જંગલમાં વાંસ કાપીને ગામડિયો થાકી ગયો હતો. રાતનો ઠંડો પહોર હતો. ગાડું હાંકતા હાંકતા

Date:-

ગાડાવાળાને ઊંઘ આવી ગઈ. તેથી બાહલા વાંસ પર લંબાવીને સૂઈ ગયો.

(૫) જયદેવકાકા માતૃભાષા વિશે શું કહે છે?

→ જયદેવકાકા માતૃભાષા વિશે કહે છે કે
→ આપણને વિચારો માતૃભાષામાં જ આવે છે.
→ આપણને શમણું પણ માતૃભાષામાં જ આવે છે.
→ માતૃભાષા હૈયે છે ને તરત હોઠે આવે છે.
→ હાથ કરતાં પણ વધુ હાથવગી માતૃભાષા છે.

(૬) મુંબઈના પારસીઓના લોકો કેવી રીતે મળવા જાય છે?

→ મુંબઈના પારસીઓના લોકો રવિવારની સવાર એકબીજાને ઘેર મળવા જાય. એવો આનંદ પણ પારસીઓનો કાયદો જ છે અને તે વેશપલટો કરીને જવું. રોજ પાટલૂન પહેરનારા ધોતિયું પહેરે, ધોતિયું પહેરનારા ચુડીદાર સુરવાલ ચડાવે, સુરવાલ પહેરનારા અચૂક પાટલૂન પહેરે. ટોપીને બદલે ફેર અને ફેરવાળા સાફા બાંધે. સાફાવાળા ઉઘાડે માથે. પતિ-પત્ની સાથે જાય છે. પત્ની માટે વેશપલટો જરૂરી ગણાતો નથી.

પ્ર.૨ નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો.(૮

(1) દુઃખો વિશે કવિ શું કહે છે?

→ દુઃખો વિશે કવિ કહે છે કે દર વખતે દુઃખો આવી પડે તો તેનાથી આપણે શું કામ હારી જવું? હવે તો હિંમતથી આપણે દુઃખોને પરાજિત કરવાની શરૂઆત કરીએ.

(૨) વિદાયની આગલી રાતે વડીલો કેવી લાગણી અનુભવે છે?

→ વિદાયની આગલી રાતે વડીલોનાં મનમાં સ્વજનોના થનારા વિરહનું દુઃખ હતું. પુત્રો, પુત્રવધૂઓ અને તેમનાં બાળકોની સાથે આનંદ માણી રહેલા વડીલો માટે મિલનની આ છેલ્લી રાત હતી. બીજે દિવસે તેમનાં સંતાનો પોતાના પરિવાર સાથે ઘરેથી જવાના હતાં જેથી ઘર ખાલી થઈ જવાનું હતું. હવે સૂમસામ ઘરમાં એકાકી

Date:-

(3) અવસરના તોરણિયાં દ્વારા કવિ શું કહે છે?

→ 'અવસરના તોરણિયાં' દ્વારા કવિ કહે છે કે તમે હૈયામાં હેત ભરીને આવો. અહીં તો આપણી લાગણીઓ સદાય લહેરાતી હોય છે. આવો વહાલભર્યો લહાવો જીવનમાં આવ્યો છે તો એનો આનંદ જેટલો લૂંટાય એટલો લૂંટી લેવા કહે છે. અરસપરસના હૈયામાં ઊભરાતી લાગણીને વહેંચી લેવાનું કહે છે.

(4) સુદામાના આગમનની શ્રીકૃષ્ણ પર શી અસર થઈ?

→ સુદામાના આગમનના સમાચાર દાસીએ આપ્યા કે, તરત જ શ્રીકૃષ્ણ 'હેં હેં' કરતા સફાળા ઊભા થયા અને દ્વાર તરફ દોડ્યા. પગમાં મોજડી પહેરવા રોકાયા નહિ. દોડતાં દોડતાં તેમનું પીતાંબર પગમાં ભરાઈ જતું હતું. તેમના હૈયામાં ખૂબ આનંદ હતો. દોડવાથી શ્વાસ ચડતો હતો. ક્યારેક તેઓ જમીન પર ઢળી પડે છે ફરીથી બેઠા થાય છે. મિત્રને મળવામાં થતા વિલંબની એક પળ તેમને જુગ જેવી લાગે છે.

(5) 'ઘડતર' કાવ્યના અંતે કવિ શાળા પ્રત્યે કઈ ભાવના વ્યક્ત કરે છે?

→ 'ઘડતર' કાવ્યના અંતે કવિ વરદ્-તીર્થ જેવી શાળાની મંગલકથા અને ઘડતર-પ્રથા ચિરસ્થાયી રહો એવી ભાવના સાથે શાળા પ્રત્યે આદર અને પ્રેમ વ્યક્ત કરે છે.

પ્ર.3

(અ) નીચેનામાંથી ગમે તે એક રૂપનોંધ લખો. (3

(1) અંજન :- અંજન તોફાની છે. તેના પિતાનું નામ નિખિલરાય અને બહેનનું નામ ઊર્વશી છે. અંજનના અભ્યાસખંડમાં બધી જ વસ્તુઓ અસ્તવ્યસ્ત મૂકેલી છે. અંજનને ભણવા કરતાં અન્ય પ્રવૃત્તિઓમાં વધાર રસ છે. તે લાલ રંગમાં વાદળી રંગ ભેળવવાથી જાંબુડો રંગ થાય તેની ખાતરી કરવા જાય છે. ટેબલ પરથી લાલ શાહીનો ખડિયો ઢોળાતા તેમાં ભૂરી શાહી ભેળવે છે જેથી તેના હાથ અને કપડાં ખરડાય છે. આ ડાઘ જોઈ નિખિલરાય ગુસ્સે થાય છે. ફરીક

Date:-

વિષય ગોખવામાં તેનો સમય પૂરો થઈ જાય છે.
રમવાનો સમય મળતો નથી અંજનને તેના પિતા
તેનું મનગમતું કામ કરતા સતત રોકતા રહે છે અને
વઢે છે અંજન પાસેથી પેંડુ, ભમરડા, લખોટા જેવા
સાધનો લઈ લે છે. તેથી તેના જીવનનો આનંદ મરી
જાય છે અંજનને ભણવામાં ધ્યાન રહેતું નથી. શાળાના
શિક્ષકો પણ પહેલા નંબરનો ઠોઠ છે તેવું જણાવે છે.
તે કોઈને કોઈ અડપલા કરતો રહે છે. પિતાની
બીકથી તે બિમાર પડી જાય છે. પણ અંજન માને
છે કે તે તડકામાં ખૂબ કૂદ્યો એટલે તેને તાવ આવ્યો
છે. ભાસ્કરકાકા નિખિલરાયને અંજન વિશે સમજાવે
છે. અંજનમાં બુદ્ધિ છે શક્તિ છે તેને સાચે માર્ગે
જવા દો; તે કોલસામાંથી સાકર શોધે છે ના જગતને
કંઈ નવું અજવાળું આપશે. નિખિલરાય અંજનને
રમકડા રમવા જવા દેવાની છૂટ આપતા તે આનંદમાં
આવી જાય છે.

(૨) હરિહરકાકા :- હરિહરકાકા, ઠરેલ અને ચતુર માણસ
છે. તેમને લગ્નમાં જવાનો ખૂબ શોખ છે. તેઓ
'વરના બાપ' ની જેમ મનમાં રૂઆબ કરે છે. મનીયા-
ઓને જેતલસરના સ્ટેશને આ વિનાના શોધે છે.
તેથી તેમની મશ્કરી કરવાનું વિચારે છે. લગ્નમાં
ખાણાવિષયક જવાબદારી તેમણે ઉપાડી લીધી હતી.
તેમના સ્વભાવમાં કરકસરનો ગુણ છે. સોપારીની
થેલી પણ તેમના હાથમાં છે. સ્ત્રીઓ ગીતમાં તેમની
મજાક કરે છે તેમને ખૂબ ગમે છે. મનીયાઓ
તેમને ગાદલા-ગોદડા વિના રાખવાની યુક્તિ કરે
છે. હરિહરકાકા જ્યારે રાતના ત્રણ વાગે મનીવાસમાં
ગયા ત્યારે બધા જ મનીયાઓ પાગરણ વીંટીને
સૂતા હતા. ત્યારે હરિહરકાકા મનીયાઓની ચાલ
સમજી ગયા. તેમણે પણ કૂતરું કરડ્યું હોય અને
હડકવા ઉપડ્યો હોય તેમ લબરકો ચાલુ કરી.
મનીયાઓ ડરી ગયા અને બધા જ ગોદડા હરિહરકાકાને
ઓઢાડી દીધાં. તેઓ શાંતિથી ઊંઘ્યા. આ રીતે
મનીયા હેરાન કરવાની યુક્તિ કરે છે તેમાંથી
છટકી જાય છે.

Date:-

(ग) નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે (3)
તે લખો.

(1) 'પુરુષથી ન બને એ કેમ મનાય?'
→ રાણી - રથભુન

(2) "भाई कहाँ के रहनेवाले?"
→ લાલો - પહાડીને

(3) 'હું મોટો એમાં તારે શું કામ ન રમવું?'
→ અંજન - ઝિન્નરીને

(ક) નીચેનું કાવ્ય વાંચી પ્રશ્નોના ઉત્તર લખો. (4)

(1) કવિ શું બનવા ઇચ્છે છે?
→ કવિ માનવ-દીપક બનવા ઇચ્છે છે.

(2) કવિ જીવન જ્યોત બની શું કરવા ઇચ્છે છે?
→ કવિ જીવન-જ્યોત બની જગતના કોઇક ખૂણે અજવાળું કરી અંધજનોને રાહ બતાવવાનું ઇચ્છે છે.

(3) જગતમાં કઈ બાબતે અંધકાર વધતો ભય છે?
→ જગતમાં વેર, ઝેર, હિંસા અને અસૂયા બાબતે અંધકાર વધતો ભય છે.

(4) કવિ કઈ કઈ બાબતોનું અજવાળું કરવા ચાહે છે?
→ કવિ સત્ય, અહિંસા, શીલ અને ત્યાગનું અજવાળું કરવા ચાહે છે.

પ્ર. ૪
(અ) નિબંધ લખો. (ગમે તે એક) (7)

(1) મારો પ્રિય તહેવાર
પ્રસ્તાવના - આપણા તહેવારો - તહેવારનું મહત્વ - ઉજવણી - તહેવાર પ્રિય હોવાનું કારણ - ઉપસંહાર

Date:-

(૨) વસંતઋતુ
પ્રસ્તાવના - વસંતનો વૈભવ - વસંતનું વાતાવરણ - વસંતની માનવજીવન પર અસર - કવિઓની પ્રિય ઋતુ - ઉપસંહાર

(૩) સરદાર પટેલ
પ્રસ્તાવના - બાળપણ અને અભ્યાસ - આઝાદીની લડતમાં - અખંડ ભારતના શિલ્પી - અન્ય વિશેષતાઓ - ઉપસંહાર

(બ) નીચેનામાંથી ગમે તે બે વિચારવિસ્તાર લખો. (5

(1) વિપત પડે ના વલખિયે, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.

→ જીવનમાં વિપત્તિ આવે તો એનાથી મૂંઝાવું નહિ. મૂંઝાવાથી વિપત્તિ દૂર થતી નથી. વિપત્તિમાં પુરુષાર્થ કરવો જોઈએ. પુરુષાર્થ જ વિપત્તિને દૂર કરે છે.

માણસના જીવનમાં આપત્તિઓ તો આવ્યા જ કરે. આફતના સમયમાં કોઈ માણસે હિંમત હારવી જોઈએ નહીં. સુખ અને દુઃખ એ તો જીવન સાથે કાયમી જોડાયેલા છે. કોઈને કાયમી સુખ નથી હોતું તો કોઈને કાયમી દુઃખ નથી હોતું. એ બંને હંમેશા એક પછી એક આવતાં રહે છે. મોટે ભાગે માણસ દુઃખમાં ભાંગી પડતો હોય છે. એટલે દુઃખ આવે ત્યારે મનને મજબૂત રાખી તેને દૂર કરવાનો અને તે સમય શાંતિથી પસાર કરવો જોઈએ. ઉદ્યમ મહેનત કરવાથી જ દુઃખ દૂર થાય છે. તેના રોદણાં રડવાથી તો દુઃખ વધારે મોટું લાગે છે.

(૨) 'એકલ દેતા દાન જે, એકલ ઝઝૂમત જંગ,
એકલ જગનિંદા સહે, એ વીરોને સંગ.'

→ જે લોકો એકલા હાથે દાન આપે છે. એકલા જે યુદ્ધમાં ઝઝૂમે છે. આખા જગતની નિંદા મૂંગામોઢે સહે છે એવા વીરોનો સંગ કરવો જોઈએ.

Date:-

જે લોકો દાન કરે છે તે બીજાને આપવા પણ દેતા નથી, સાચો યોદ્ધો યુદ્ધમાં ક્યારેય પાછો પડતો નથી. તે અંત સુધી ઝઝૂમે છે. જે લોકો આખા જગતની નિંદા મૂંગામોઢે સહન કરે છે. તે કામમાં પાછો પડતો નથી. આવા વીરોની સોબત કરવી જોઈએ.

ઇતિહાસમાં આવા અનેક વીરો થઈ ગયા છે. દાનવીર તરીકે કર્ણનું નામ અમર થયું છે તો યુદ્ધવીર તરીકે અર્જુનનું, સંતો જગતનિંદા સહન કરીને સમાજને સાચો રાહ ચીંધે છે. એટલે આપણે આવા વીરોને જીવનમાં યાદ કરી અનુસરવું જોઈએ.

(૩) 'ઈશ્વર અલ્લા ચાહે ગુરુ, ચાહે કહો શ્રી રામ,
માલિક સબકા એક હૈ, અલગ-અલગ હૈ નામ.'

રામ કહો, રહીમ કહો, ઈશ્વર કહો કે અલ્લા કહો, બધા જ ભગવાન એક છે.. 'નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય' નરસિંહ મહેતાની આ પંક્તિ આપણને 'બધા જ ઈશ્વર એક છે.' તેવો સંદેશો આપે છે.

જે વ્યક્તિને જે નામમાં શ્રદ્ધા હોય તે નામનું રટણ, જાપ તે કરી શકે છે. બધી જ નદીઓ છેલ્લે જેમ સાગરમાં ભળી જાય છે. તેમ બધાં જ નામો અંતે તો એક જ ઈશ્વરને પહોંચે છે.

'હરિ તારાં છે હજાર નામ, કયે નામ લખવી કંકોતરી।'

રામ, કૃષ્ણ, પયગંબર, ઈસુ, ગુરુ, જરથુસ્ટ્ર - આ બધા જ પ્રભુના જ સ્વરૂપો છે. તેમ યાચના પ્રાર્થના કોઈ પણ સમાજ કરી એ ઈશ્વર સુધી પહોંચવાની છે. એમાં નામ સિવાય કંઈ જ જુદાપણું નથી.

પટેલ નિકિતાબેન એન.
ડી.એન. હાઈસ્કૂલ, આણંદ